# સંત શિરોમણિ રૈદાસ (સંત રોહિદાસ)

પ્રા. મીનાક્ષીબેન આર. પટેલ
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ
ખેરગામ (ગુજરાતી વિભાગ) જિ. નવસારી

ભારતની પવિત્ર ધરા પર અનેક સંતપુરુષો અને ભક્તો થઈ ગયા. ભારતમાં સંત, મહાત્મા અને ભક્તોની એક લાંબી પરંપરા રહી છે. એ પરંપરામાં સંત રૈદાસનું સ્થાન મહત્વપૂર્ણ હતું. તેમને લોકો સંત રવિદાસ અથવા રોહિદાસ તરીકે પણ ઓળખે છે. સંત રૈદાસ માત્ર ભક્ત કવિ જ નહીં પરંતુ દલિત ચેતનાના તરફદાર કહીયે તો વધારે યોગ્ય લાગશે. સંત રૈદાસ કબીરના સમકાલીન હતા. પછાતવર્ગમાં જન્મ થયો હોવા છતાં ઉત્તમ જીવન શૈલી, ઉત્કૃષ્ટ ઈશ્વરભક્તિ અને ઉત્તમ આચરણને કારણે તેઓ આજે પણ ભારતીય ધર્મ-સાધનાના ઈતિહાસના સ્મૃતિ પટ પર આચ્છાદિત છે. તેમનો જન્મ કાશીમાં થયો હતો. અને કાશીને જ તેમનું નિવાસ સ્થાન માનવામાં આવે છે.

તેમના સમકાલીનોમાં દાદૂ દયાલ, સુન્દરદાસ, મલૂકદાસ, ગુરુનાનક, સહજોબાઈ, દયાબાઈ વગેરે જેવા પ્રસિદ્ધ સંતો થયા. એ બધા જ સંતો સુધારાવાદી હતા. એ બધા એ બાહ્ય આડંબરોનો વિરોધ કરી એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. નોંધવા જેવી વાત એ છે કે આ બધા જ સંત કવિઓ નીચલી જાતિના હતા. આ બધા માટે શાસ્ત્રોના અભ્યાસ કે મંદિર પ્રવેશ નિષેધ હતો. તેથી તેમણે પોતાના હૃદયમાં જ ઈશ્વરની શક્તિનો સાક્ષાત્કાર કરવો પડયો.

સંત રૈદાસ સંત શિરોમણિ તરીકે જાણીતા છે. તેઓની અમરવાણી સમાજને મંત્રમુગ્ધ કરે છે. એમના સમયમાં જેટલા પણ સંતો કે ભક્ત કવિઓ થયા તેમણે ભારતીય સમાજમાં વ્યાપ્ત અનેક કુરિવાજોને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. આ મહાન સંતો-ભક્તોની શ્રેણીમાં સંત રૈદાસનું નામ મોખરે છે. તેમણે જાતિ અને વર્ગ વચ્ચેનું અંતર ઘટાડવાના પ્રયત્નો કર્યા. તેઓ સાચા અર્થમાં પારસમણિ હતા એમ કહેવામાં જરાય ખોટું નથી. તેઓ પછાત જાતિના મહાન વિચારક હતા. એમના વિશે અનેક ઘણું સાહિત્ય લખાયું છે. અને લખાઈ રહ્યું છે. તેમના જીવન અને કવન વિશે પણ વિભિન્ન વિદ્વાનોના જુદા જુદા મંતવ્યો છે.

સંત રૈદાસ મૂળે ભક્ત હોવા છતાં મોટા મોટા સમાજ સુધારકો પણ જે નથી કરી શકયા એવું કામ પોતાની અમૃતવાણીથી દીન-દુખિયાં અને પીડિતો માટે કરી બતાવ્યું છે. તેમણે પોતાના પદોમાં નાત-જાતનો જોરદાર શબ્દોમાં વિરોધ કર્યો છે. તેમનું માનવું છે કે આપણે બધાં એક જ ઈશ્વરના સંતાન છીએ. તો પછી આ ઊંચ-નીચ મોટા-નાના શું કામ ? જાત-પાતની વાતો કરવી એ મનુષ્યતા ઉપર ઘા કરવા જેવું છે.

જન્મજાત મત પૂછિયે
કા જાત અરુ યાત
રવિદાસ પૂત સભી પ્રભુકે
કોઉ નહિ જાત કુજાત
જાત-પાત કેફેર મહિ,
રવિદાસ જાત મત પૂછઈ, કા જાત કા પાત,
બ્રાહ્મન ખત્રી, વૈસ સૂદ સબન કી એક હી જાત.

મનુષ્ય કયારેય નાત-જાત કે વર્ણવ્યવસ્થાને લીધે પછાત કે ઊંચ-નીચ હોતો નથી. તે તો પોતાના ગુણ-કર્મ અને સ્વભાવથી ઊંચ-નીચ હોય છે. તેથી દરેક મનુષ્યે પોતાના કર્મોને સારા બનાવવા પ્રયત્ન કરવો જોઈએ. સંત રૈદાસ કહે છે કે કર્મ કરવું એ દરેક મનુષ્યનો ધર્મ છે. ગીતાના કર્મનો સિદ્ધાંત તેમના પર જોવા મળે છે. તેઓ માનતા કે દરેક મનુષ્યએ કર્તવ્યપરાયણ રહેવું જોઈએ, ફળની ઈચ્છા રાખવી જોઈએ નહી. તેમની સ્પષ્ટ ભાવના હતી કે દરેક મનુષ્યએ પરિશ્રમપૂર્વક ઈમાનદારી અને નિષ્ઠાથી પોતાની રોજી-રોટી કમાવી જોઈએ. ઈમાનદારી પૂર્વકની કમાણીથી જ લાભ પ્રાપ્ત થાય છે. તેથી તેઓ કહે છે કે, હું મારા ધંધાને સર્વશ્રેષ્ઠ માનું છું, તેની પૂજા કરું છું. એ જ મારો સાચો ધર્મ છે અને કર્મ પણ.

''રવિદાસ શ્રણ હરિ ખાઈહિ
લો પાર વસાઈ
નેક ક્માઈ જઉ ક્રઈ
ક્બહું ન નિસફલ જાઈ
રવિદાસ હૌં નિજ હત્યહિં
રાખો રાંકી ઔર
સુક્રિત મમ ઘરમ હૈ
તારૈગા ભવપાર.''

પોતાનું કર્મ કરવા છતાં પણ સંત રૈદાસના મનમાં એ પ્રશ્ન વારંવાર ઊઠે છે :

'રૈદાસ એક હી નૂર તે જિમિ ઉપજ્યો સંસાર,
ઊંચ-નીચ કિહિ બિધ ભયો બ્રાહ્મણ ઔર ચમાર.'

સંત રૈદાસને નિર્ગુણ રામના પરમ ભક્ત માનવામાં આવે છે. તેઓ રામને ખૂબ મહત્વ આપતા હતા અને લોખંડને સોનું બનાવનાર પારસમણિ જ માને છે. રૈદાસ બ્રાહ્મણ અને શુદ્ર વચ્ચે કોઈ ભેદભાવ જોતા નથી. તેઓ કહે છે કે દરેકના મનમાં એક જ ભગવાન છે અને જન્મના આધારે કોઈ ઊંચ-નીચ હોતો નથી.

''બ્રાહ્મણ ઔર ચાન્ડાલ મેં રવિદાસ નહિં અન્તર જાના ।
સબ મોહિ એકો જ્યોતિ હૈ સબ ઘટ એક ભગવાના ।
રવિદાસ જ્ન્મ કે કારણે, હોત ન કોઉ નીચ ।
નર કો નીચ ક્ર ડારિ હૈ, ઓછે ક્રમ ક્રીચ ।।''

એમના મત પ્રમાણે પ્રત્યેક ભક્તે નિષ્કામ યોગી બનવું જોઈએ. નિષ્કામ યોગી એ જ છે જે રામના સ્પર્શ અને દર્શન પામવા માટે સાધના કરે છે. કબીરે પરમાત્માને પોતાની મા ના રૂપમાં જોયા છે. જ્યારે રૈદાસે પરમાત્માને પિતાના રૂપમાં સ્વીકાર્યા છે. એમના મતે બીજાના દુ:ખને સમજનાર જ સાચો સંત છે. રૈદાસે પણ મંદિર અને તીર્થ ને વ્યર્થ અને નકામાં બતાવ્યા છે. પછાત જાતિમાં જન્મયાં હોવાને કારણે તેઓ મંદિરમાં પ્રવેશી શકતા ન હતા અને તીર્થસ્થાનોની યાત્રા કરવા પર પણ પ્રતિબંધ હતો માટે જ તેઓ એક પદમાં કહે છે :

''મસજિદ સૌં ધિનન નહીં, મન્દિર સૌં નહીં પ્યાર ।
ઈનમેં અલ્લાહ રામ નહીં, ક્હે રૈદાસ વિચાર.''।।

તેમણે સ્પષ્ટ કહ્યું છે કે પરમાત્મા મંદિર કે મસ્જિદમાં નથી રહેતા, તો ત્યાં પરમાત્માના દર્શન કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? તેઓ કહે છે -

जउ रे अल्लाह बसहि मसजिद महं ।
मन्दिर महं कोउ नाहिं भगवान ।।

સંત રૈદાસે પણ કબીરની જેમ જ શંકરાચાર્યના અદ્વૈતવાદનો સ્વીકાર કર્યો છે. તેમણે કહ્યું છે કે રામ-રહીમ, કેશવ-કરીમ વગેરે નામો એક જ પરમેશ્વરના છે. તેઓ એવું દઢ પણે માને છે કે જ્યાં સુધી કૃષ્ણ અને કરીમ, કુરાન અને વેદ પુરાણને એક જ સ્વરૂપમાં સ્વીકાર નહીં કરશો ત્યાં સુધી બધી તપસ્યા અને પૂજા વ્યર્થ અને નકામી સાબિત થશે.

''કૃષ્ણ ક્રીમ રામ હરિ - રાઘવ, જ્બ લગ એક ન પેષા ।
વેદ કે તાબિ, ક્રુરાન, પુરાતન સહ એક નહિં વેષા ।
જોઈ જોઈ પૂજિએ, સોઈ સોઈ કાંચી, સહજ્ભાવ સત હોઈ ।
ક્હે રૈદાસ, મૈ તાહિ કૂં જૂ જાકે ઠાંવ નાવ નહિ કોઈ ।।''

તેમની દૃષ્ટિમાં મંદિર કે મસ્જિદમાં કોઈ અંતર નથી. તેઓના માટે તે બંને પૂજા-સાધનાનું સ્થાન છે. તેથી અંદરો અંદર લડાઈ કે નફરત સારી બાબત નથી. આથી જ તેઓ કહે છે :

'મન્દિર મસજિદ દોઉ એક હૈ ઈનમેં અંતર નાહિ
રવિદાસ રામ રહમાન કા ઝગડઉ કોઉ નાહિ.'

તેમણે પાખંડીઓનું વેધક શબ્દોમાં ખંડન કર્યું છે. કબીરની જેમ તેમનું પણ માનવું હતું કે બાહ્ય આડંબરથી ઈશ્વરની પ્રાપ્તિ થતી નથી. જેઓ માત્ર ભક્તિ કરવાનો ઢોંગ કરે છે તેમની ઉપર કટાક્ષ કરતા રૈદાસ કહે છે :

માથૈ તિલક હાથ જયમાલા
જગ ઠગને કું સ્વાંગ બનાયા
મારગ છાડિ કુમારગ ડહૈ
સાંચી પ્રીતિ બિનુ રામ ન પાયા
કા મથુરા કા દ્વારકા કા કાસી હરિદ્વાર
રવિદાસ ખોજા દિલ અપના તઉં મિલિય દિલદાર

તેમના મતે સાચો સાધુ આ પ્રમાણે હોવો જોઈએ.

રવિદાસ સોઈ સાધુ ભલો,
જો મન અભિમાન ન લાધ,
ઓગુન છાંડહિ ગુન ગહઈ
સિમરઈ ગોવિંદ રાય
રવિદાસ સોઈ સાધુ ભાલો.
જો રહઈ સદા નિર્વૈર
સુખદાઈ સમતા ગહઈ, સમ કહિ માંગે ખૈર.

સંત રૈદાસનો જન્મ ચમાર જાતિમાં એવા સમયે થયો કે જ્યારે નિમ્નવર્ગમાં પણ પેટા-જ્ઞાતિઓ હતી. પરંતુ રૈદાસે આ સત્યનો ક્યારેય ઈન્કાર કર્યો નથી. પરંતુ નિર્ભય બની તેનો પોતાના પદોમાં ઉલ્લેખ પણ કર્યો છે.

મેરી જાતિ કુટ વીઢલ ઢોર ઢોવંત નિતહિ બનારસી આસપાસ
વિપ્ર પરધાન તોહિ કરહિ ડંડોતિ તેરે નામ શરણાઈ રવિદાસ.

સંત રૈદાસના રૂપમાં દલિત, પીડિત, શોષિત સમાજને એક એવા સમાજની કલ્પના જોવા મળી હતી કે જ્યાં ઊંચ-નીચના ભેદભાવ જ ના હોય તેઓ કહે છે :

''એસા ચાહો રાજમેં, જહાં મિલે સબન કો અન્ના,
છોટ બડૌ સભ સમ બસૈ રૈદાસ રહે પ્રસન્ના.''

તેઓ સામાન્ય જાતિમાં જન્મયા હોવાં છતાં પણ સમાજમાં દેવતુલ્ય થઈ ગયા. આજે કરોડો લોકો રૈદાસની વાણીથી પ્રસન્નતા અનુભવે છે. તેમણે રામનામને વધુ મહત્વ આપ્યું છે.

''ભૌ સાગર રા તરન હૂં એકૌ નામ આધાર,
રૈદાસ કબઉં નહીં છાંડિયે, રામ નામ પતવાર.''

સંત રૈદાસે ભક્તિના માર્ગને અપનાવ્યો હતો. સત્સંગ દ્વારા તેમણે પોતાના વિચારોને લોકો સુધી પહોંચાડયા હતા. તેમનું વ્યક્તિત્વ સાવ અનોખું હતું. તેમની વાણીમાં ચંદન જેવી શીતળતા અનુભવી શકાય છે.

''પ્રભુજી તુમ ચંદન હમ પાની,
જાકી અંગ અંગ બાસ સમાની....
પ્રભુજી તુમ સ્વામી હમ દાસા
ઐસી ભક્તિ કરે રૈદાસા ।''

આવા ધર્મના ગીતો ગાનારા શ્રેષ્ઠ સંત શિરોમણિ રૈદાસ સાચા અર્થમાં સમાજ સુધારક અને મહાન સંત હતા.

સત્ત સંતોષ અરુ સદાચાર જીવન કો આધાર,
રૈદાસ ભયે નર દેવતે જિન તિયાગે પંચ વિકાર.

સંત રૈદાસને રામભક્ત અને કૃષ્ણ ભક્ત પરંપરાના સંતકવિ કહેવામાં આવે છે. તેમના પ્રસિદ્ધ પદો આજે પણ સમાજમાં પ્રચલિત છે. જેના પર અનેક ભજનો રચાયાં છે. આજે પણ સંત રવિદાસ જયંતી દેશભરમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ શુભ અવસરે

*શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. તેમના અનુયાયીઓ ગુડગાંવ, રોહતક, પંજાબ, ગુજરાત, રાજસ્થાનમાં વધારે જોવા મળે છે. ઉત્તર પ્રદેશ તો રૈદાસના પંથનો ગઢ છે. દક્ષિણમાં આવેલા પ્રસિદ્ધ તીર્થસ્થાન તિરૂપતિમાં બાલાજી પર્વતના નીચે વૈકુંઠ હોલ નામના પ્રખ્યાત સ્થાનમાં રવિદાસની પ્રતિષ્ઠિત ગાદી છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં તો તેમના પંથની અનેક છતરીઓ અને પીઠો બનેલી છે. સંત રૈદાસે પોતાના જીવનમાં સત્ય, સદાચાર અને સંતોષને વધારે મહત્વ આપ્યું હતું. તેઓ જાણતા હતા કે આ જીવન તો ક્ષણભંગુર અને નકામું છે. જેટલું સત્ય-સદાચારનું આચરણ થઈ શકે તેટલું કરીને પુણ્ય કમાઈ લેવું તે જ આપણી મૂડી છે અને મોક્ષ માટેની પગદંડી છે. આમ 'મન ચંગા તો કઠૌતી મેં ગંગા' કહેવત જેમના પરથી જગપ્રસિદ્ધ બની છે એવાં મીરાંબાઈના ગુરુ સંત શિરોમણિ રૈદાસને કોટી કોટી પ્રણામ.*

## ***સંદર્ભસૂચિ***


૧. *વરઠે, ચંદ્રકુમાર દલિત સાહિત્ય આંદોલન. અનુવાદ : ડૉ. આર.એચ.વણકર-સ્નેહ સ્વરૂપ*

૨. *હયાતી : દશાબ્દી વિશેષાંક : તંત્રી : હરીશ મંગલમ્. ગુજરાત દલિત સાહિત્ય અકાદમી, અમદાવાદ.*

३. हिन्दी साहित्य : युग और प्रवृतियाँ – अशोक प्रकाशन नई सडक, दिल्ली : ६

४. नगेन्द्र.,हरदयाल. हिन्दी साहित्य का इतिहास : संपादक – नेशनल पब्लिशिंग हाउस, दरियागंज, नयी दिल्ली

५. मथुरा, वी.एन. फिलिप. मध्यकालीन हिन्दी भक्ति साहित्य प्रासंगिकता द्विवेदी, हजारीप्रसाद. हिन्दी साहित्य (उद्‌भव और विकास)